ISSN: 2321- 4708
Oct 2017, Year - 5 (66)
Paper ID: RRJ271778

# ગાંધીયુગીના ભીલ સમાજના સુધારક અને ઉદ્ધારક સુખદેવભાઈ

ડૉ. શૈલેશ બી. સોલંકી
એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ
ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ (સાંજની), અમદાવાદ

---

૧૯મી અને ૨૦મી સદી દરમ્યાન ભારતમાં અનેક પ્રકારના સામાજિક અનિષ્ટો જેવા કે અંધવિશ્વાસ, વહેમો, અજ્ઞાનતા, કુરિવાજો જેવા કે બાળકીને દૂધપીતી કરવી, સતિપ્રથા, વિધવાવિવા નિષેધ, બાળલગ્ન ઉપરાંત વ્યસનોનું પ્રમાણ વ્યાપ્ત હતું. રાજા રામમોહનરાય અને અન્ય સમાજ સુધારકો દ્વારા સમાજસુધારણા આંદોલનની શરુઆત થઈ હતી. આ સમય દરમ્યાન સહજાનંદ સ્વામી, સયાજીરાવ ગાયકવાડ, નર્મદાશંકર, કરશનદાસ મૂળજી, મહીપતરામ રૂપરામ, દુર્ગારામ મહેતા, જુગતરામ દવે અને ગાંધીજીએ ગુજરાતમા પ્રવર્તમાન દૂષણોને દૂર કરવા માટેના પ્રયત્નો હાથ ધર્યા હતા. આમ છતાં ગુજરાતનો આદિવાસી વિસ્તાર સમાજસુધારણા આ પ્રવૃતિથી વંચિત રહ્યો હતો.

ગુજરાતના પંચમહાલના પૂર્વ પટ્ટી વિસ્તારમાં સામાજિક સુધારણાનો પાયો નાખનાર સુખદેવ વિશ્વનાથ ત્રિવેદી હતા. તેમના પર ગાંધીજીની વિચારસરણીનો પ્રભાવ હતો. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોના ભાગરૂપે પંચમહાલ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં સુખદેવભાઈના પ્રયત્નોથી આશ્રમશાળાઓ સ્થપાઈ હતી. તેમણે આ વિસ્તારના આદિવાસીઓ અને હરિજનોમાં વ્યાપ્ત અંધવિશ્વાસ, વહેમો, અજ્ઞાનતા, કુરિવાજો, લૂંટફાટ, નિરક્ષરતા, વ્યસનો, ચોરી અને અશ્પૃશ્યતા જેવા દુષણોને શિક્ષણના માધ્યમથી દૂર કરવાના પ્રયત્નો કર્યા હતા. તેના પરિણામે લાંબાગાળે આ વિસ્તારમાં સામાજિક સુધારણા શક્ય બની.

સુખદેવ વિશ્વનાથ ત્રિવેદી જન્મ ૨૩નવેમ્બર ૧૮૮૩માં ગુજરાતના દાહોદમાં ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. બાલ્યકાળમાં જ પિતૃછાયા ગુમાવવાને કારણે તેમજ ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોવાના કારણે ફક્ત ચાર ધોરણ સુધીનો જ અભ્યાસ કરીને ૧૭વર્ષની વયે બાંધકામ ખાતાની સરકારી નોકરીમાં જોડાયા હતા. તેમના લગ્ન જેઠીબેન

સાથે થયા હતા. તેમને છ બાળકો હતાં. ત્રણ પુત્રો- નરેન્દ્રભાઈ, અરવિંદભાઈ અને રાજેન્દ્રભાઈ તેમજ ત્રણ પુત્રીઓ- સાવિત્રીબેન, નિર્મળાબેન અને મંદાબેન છે. તેમણે કરેલા સમાજસેવાના કાર્યોના પરિણામે તેઓ પંચમહાલમાં 'સુખદેવકાકા'ના હુલામણા નામે ઓળખાતા હતા.

ઇ.સ.૧૯૧૭ની ૩, ૪ અને ૫મી તારીખના રોજ ગોધરા મુકામે ગુજરાત રાજકીય પરિષદની બેઠક યોજવામા આવી હતી. આ પરિષદમાં ગાંધીજીએ પોતાના પ્રર્વચનમાં દારૂનિષેધ, સ્વચ્છતા, કેળવણી, ગૌ–રક્ષા, સ્વદેશી વસ્તુનો ઉપયોગ, સત્યાગ્રહથી સંસાર સુધારણા, અશ્પૃશ્યતા સંબંધી પોતાના વિચારો પરિષદમાં હાજર રહેલા લોકો સમક્ષ રજૂ કર્યા. ૫ નવેમ્બર ૧૯૧૭ના રોજ ગોધરામાં રાજકીય પરિષદની સાથે અત્યંજ પરિષદ મળી હતી. તેમાં પ્રવચન આપતા ગાંધીજીએ કહ્યુ હતું કે, "અત્યંજ માણસોનો વર્ગ સમાજથી અલગ છે તે હિંદ માટે કલંક છે". અને વધુમાં જણાવ્યું કે, "નાત- જાત એ તો પાપ છે, સખત ગુનો છે, અશ્પૃશ્યોને હિંદુ ધર્મથી અળગા ન માનવા જોઈએ, તેમની સાથે હિંદુ સમાજના પ્રતિષ્ઠિત માણસો તરીકે વર્તન કરવું જોઈએ અને તેમના ધધાં પ્રમાણે તેઓ જે નાતને લાયક હોય તે નાતના ગણવા જોઈએ". આમ તેમણે અશ્પૃશ્યતાને કલંક ગણાવી તેને દુર કરવા જણાવ્યુ હતું. આ પરિષદમાં ૧૦જેટલા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. જેમા ખેડૂતોની બાબતોને ધ્યાનમાં લઈને તમના માટેનો પણ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. જેમા જમીન મહેસુલના પૈસા વસૂલ કરવા ને હપ્તા લેવાનો સમય પાકની સ્થિતિ જોઈને ઠરાવવા સરકારને વિનંતિ કરવામાં આવી હતી. આ રાજકીય અને અત્યંજ પરિષદમાં સુખદેવભાઈ પણ હાજર રહ્યા હતા. એના પરિણામે તેઓ ગાંધીજીની વિચારસરણીથી પ્રભાવિત થયા હતા અને પંચમહાલના પૂર્વ પટ્ટીય વિસ્તારના આદિવાસીઓ અને અત્યંજો માટે સુધારણા પ્રવૃતિની શરુઆત કરી હતી.

ઇ.સ.૧૯૧૮માં પંચમહાલ વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવેલ. સરકાર દ્વારા રાહતકેન્દ્રો ખોલવામાં આવ્યાં હતાં. પ્રજાની પરિસ્થિતિ અત્યંત દયનીય બની હતી. આવા જ રાહતકેન્દ્રોમાંના એક કેન્દ્ર ઉપર સુખદેવભાઈ કારકુન તરીકે ફરજ બજાવતા હતા. એ સમયના દુષ્કાળના નિયમ પ્રમાણે એક રાહત કેન્દ્ર ઉપર વધુમાં વધુ ૪૦૦માણસો કામ

કરી શકતા હતા. પરંતુ સુખદેવભાઈના રાહતકેન્દ્ર ઉપર તમની ઉદારનીતિના કારણે ૪૦૦ની જગ્યાએ ૧૧૦૦જેટલા માણસો કામ કરવા માટે આવવા લાગ્યા હતા. આથી સુખદેવભાઈએ ઉપલા અધિકારી પાસે બીજા એક કારકુનની માંગણી કરી. ઉપલા અધિકારીએ નિયમ મુજબ જ માણસોને કામ ઉપર રાખવા જણાવી દીધું. ત્યારે સુખદેવભાઈએ કહ્યું કે. ”હું કાંઈ એમને બોલાવવા એમને ઘરે જતો નથી, એ બિચારા નિરાધાર લોકો પોતાના પેટ માટે આટલા લાંબા માઇલનો પંથ કાપીને આવે છે, એમને હું શી રીતે ના પાડું?“. સુખદેવભાઈના આ વાકયમાં તેમની આદિવાસીઓ માટેની ઉદારનીતિ અને દયાભાવના જોવા મળે છે. આ પ્રસંગ બાદ અવારનવાર તેમની ઉપલી અધિકારી સાથે તકરાર થતી રહેતી. આ દુષ્કાળના રાહતકાર્યોમા નિયમ કરતા વધુ કામ મજૂરો પાસે કરાવવામાં આવતું અને કામે ચડવામાં કે કામ પૂર્ણ કરવામાં મોડુ થાય તો દંડની વસુલાત કરવામાં આવતી. પરંતુ સુખદેવભાઈ આ દંડની વસુલાત કરતા ન હતા ને ઉપલી અધિકારી સામે નમતું જોખતા ન હતા. ગાંધીજીની અસરના પરિણામે તેમનુ મન બંડ પોકારવા તત્પર બનતું જતું હતું. આ સમય દરમ્યાન તેમના જીવનમાં બે બનાવ એવા બન્યા કે, જેના પરિણામે તેઓ ઇ.સ. ૧૯૧૯ના જાન્યુઆરી મહિનામાંસરકારી નોકરીમાંથી રાજીનામું આપી દે છે.

**બનાવઃ ૧.** સુખદેવભાઈ જયાં નોકરી કરતા હતા ત્યાં એક સર્ગભા સ્ત્રી મજૂરી કરવા માટે આવી હતી. થોડી મજૂરીનું કામ કર્યા બાદ આ સ્ત્રી એક ખાખરાના વૃક્ષ નીચે આરામ કરવા બેઠી ત્યારે સુખદેવભાઈએ આ સ્ત્રીને કામના સમયે આરામ કરતા જોઈ તેના ઉપર ગુસ્સે થઈ કામ ઉપર ચડવા માટે કહેવા ગયા. તેઓ ખૂબ જ ગુસ્સામાં હતા. પરંતુ જયારે તેઓ સ્ત્રી પાસે પહોંચ્યા તે જ સમયે સ્ત્રીએ એક બાળકને જન્મ આપ્યો. આ દ્રશ્ય જોઈને તેમનુ હૃદય ભરાઈ આવ્યું. તેમનો ગસ્સો શાંત થઈ ગયો અને આ દ્રશ્યના વિચારોએ તેમના મનમાં કબજો કરી લીધો હતો. તેમનું મન અપરાધની ભાવનાથી ભરાઈ ગયું.

**બનાવઃ ૨.**ધોળા ખાખરા નામના ગામમાં રસ્તો બનાવવાનું કામ ચાલતું હતું. ત્યાં સુખદેવભાઈ મજૂરો ઉપર દેખરેખ રાખતા હતા. એક દિવસ એમના ઉપરી અમલદાર કામના નિરીક્ષણ માટે આવ્યા અને મજૂર મુકાદમને ચા બનાવી લાવવા જણાવ્યું. પરંતુ

મજૂર પોતાની જગ્યાએથી ચા લેવા માટે ગયો નહીં, આથી ઉપરી અમલદારે ગુસ્સે થઈ મુકાદમને લાત મારી અપશબ્દો સંભળાવ્યા અને ફરીથી ચા બનાવી લાવવા હૂકમ કર્યો, ત્યારે મુકાદમે આજીજીભર્યા શબ્દોમાં જણાવ્યું કે, 'સાહેબ આ દુષ્કાળમાં તો આંકડાનું દૂધ પણ સુકાઈ ગયું છે તો ભેંસનું દૂધ ક્યાંથી લાવું?'. સુખદેવભાઈથી આ બધુ જોવાયું નહી અને અમલદાર ઉપર ગુસ્સે થઈ રાજીનામું આપ્યું હતુ.

નોકરીમાંથી રાજીનામું આપ્યા બાદ સુખદેવભાઈએ ભીલો સાથે થતા અન્યાય સામે ન્યાય આપવાની પ્રતિજ્ઞા લીધી અને તેઓનું સેવા કાર્ય કરવાની શરુઆત કરી. જેના લીધે એમના બાહ્મણ સમાજે એમને જ્ઞાતિ બહાર કાઢી મૂકયા હતા, પરંતુ તેઓ લીધેલ પ્રતિજ્ઞા માટે મક્કમ રહ્યા હતા. નોકરીનો ત્યાગ કર્યા બાદ સુખદેવભાઈએ ચૂપ ન રહી ઇ.સ. ૧૯૧૯ના દુષ્કાળની ગામે ગામ ફરી માહિતી મેળવી અને ઉપલી અધિકારીઓની ગેરવર્તણૂક વિશેની માહિતી ભેગી કરવા માંડી. આ માહિતી તેઓ સ્થાનિક વર્તમાનપત્રોમાં મોકલી આપતા. આ સમયે મુંબઈમાં ગુજરાત સંકટ નિવારણ સમિતિની સ્થાપના થઈ હતી. એના પ્રમુખ સર પુરુષોત્તમદાસ ઠાકરદાસ હતા અને ઈન્દુલાલ યાજ્ઞિક આ સમિતીના ગુજરાતના પ્રતિનિધિ હતા. તેઓ સર પુરુષોત્તમદાસને મળવા માટે મુંબઈ પણ ગયા હતા. તેમણે પંચમહાલ- દાહોદ વિસ્તારના દુષ્કાળનું આંખે જોયેલું વર્ણન આપ્યું. વધુમાં જણાવ્યું કે, 'મામલતદાર દુષ્કાળ નથી, દુષ્કાળ નથી એમ કહે છે' આથી તમે જાતે આવીને પંચમહાલ- દાહોદની પરિસ્થિતિને નિહાળો તો તમને સાચી માહિતી જાણવા મળશે. જેના પરિણામે સર પુરુષોત્તમદાસે તેમના મુનીમજી શ્રી એમ. એન. જોષીને આ વિસ્તારમાં ફરી સાચી માહિતી મેળવી તેનો અહેવાલ આપવા જણાવ્યું. જેના પરિણામે મુનીમજી દાહોદ આવે છે, સુખદેવભાઈ તેમને દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ફેરવે છે. આ તપાસ દરમ્યાન મુનીમજીએ જોયું કે, "મામલતદારો તથા બીજા અમલદારો અનાજનો ખાનગી વેપાર કરતા હતા અને વધુ ભાવ લઈને એનુ વેચાણ કરાતા હતા". જો આ વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે તો તેમની વધારાની આવક બંધ થઈ જાય. મુનીમજીએ પોતાના અહેવાલમાં લખ્યું કે, "સુખદેવભાઈ જે કહે છે તે પૂર્ણ રીતે સાચું છે અને અહીંયા લોકોની વિટંબણાઓનો કોઈ પાર નથી. ગામડાંમા લોકોની સ્થિતિ દયનીય

ISSN: 2321- 4708
Oct 2017, Year - 5 (66)
Paper ID: RRJ271778

બની રહી છે અને બીજી બાજુ અમલદારો છાનો વેપાર કરી રહ્યા છે". આ અહેવાલ સર પુરુષોત્તમદાસને આપ્યો, આ ઉપરાંત અન્ય કાર્યકરો પાસેથી પણ આ વિસ્તારના આવા જ અહેવાલો તેમને મળ્યા. આથી તેમણે મુંબઈના ગવર્નર સર જયોર્જ એમ્બોર્સ લૉઇડને મળીને આ વિષયમાં ચર્ચા કરી. જેના પરિણામે ભ્રષ્ટ, બદરકાર અને લાંચિયા અમલદારોની પંચમહાલ- દાહોદમાંથી બદલી કરવામાં આવી. સુખદેવભાઈના આવા પ્રયત્નોને પરિણામે ગવર્નર પોતે આ વિસ્તારની મુલાકાતે આવ્યા અને આ વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી રાહતકાર્યો શરુ કરી તેને ઝડપી બનાવવાના પગલા લેવાયા.

ઈન્દુલાલ યાજ્ઞિક ગુજરાત સંકટ નિવારણ સમિતિના પ્રતિનિધિ હોઈ વર્તમાનપત્રોમાં પંચમહાલ- દહોદના દુષ્કાળ વિશે લેખો લખતા હતા. સુખદેવભાઈએ ઈન્દુલાલ યાજ્ઞિકને લખ્યું કે, "દુષ્કાળ વિશે વર્તમાનપત્રોમાં લેખો લખો છો તે તો સારુ પણ એક વખત અહીં આવી પરિસ્થિતિને નજરે જોઈ જાઓ તો ઘણો ફેર પડે". જેના પરિણામે સુખદેવભાઈથી પ્રભાવિત થઈ તેઓને સરદાર વલ્લભભાઈ પટેલાના ઘરે મળવા બોલાવ્યા હતા અને દુષ્કાળ વિશેની માહિતી મેળવી હતી. ત્યારબાદ ઇ.સ. ૧૯૧૯ના જાન્યુઆરી માસમાં ઈન્દુલાલ યાજ્ઞિક દાહોદના દુષ્કાળગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેવા માટે આવ્યા હતા. સુખદેવભાઈએ તેમને દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ફેરવીને સાચી માહિતીથી વાકેફ કાર્યા હતા. ત્યારથી ઈન્દુલાલ યાજ્ઞિક દુષ્કાળ સંદર્ભે ચાલતા રાહતકાર્યને નિહાળવા દાહોદ જતા હતા. ઈન્દુલાલ યાજ્ઞિકે ઘણીવાર સુખદેવભાઈ સાથે પગપાળા પ્રવાસ કરીને દાહોદ, ગરબાડા, લીમડી અને ઝાલોદના વિસ્તારોની મુલાકાત લઈને દુષ્કાળ રાહતકાર્યોની તપાસ ચલાવી હતી. ત્યારથી રાહતકામ માટેના તેમના સાથી મિત્ર અને માર્ગદર્શક સુખદેવભાઈ જ હતા.

ઇ.સ. ૧૯૧૯માં પંચમહાલના પૂર્વ પટ્ટી વિસ્તારમાં દુષ્કાળની પરિસ્થિતિ ગંભીર હતી ત્યારે અમૃતલાલ ઠક્કર જમશેદપુરમાં કામ કરી રહ્યા હતા. તેમણે પંચમહાલના દુષ્કાળ વિશે વાંચ્યું હતું અને મનોમન આ વિસ્તાર માટે કંઈક કરવાનું વિચારી લીધુ હતુ. જમશેદપુરથી મુંબઈ આવ્યા બાદ તેમની મુલાકાત સર પુરુષોત્તમદાસ સાથે થઈ હતી. આ મુલાકાત દરમ્યાન સર પુરુષોત્તમદાસે ઠક્કરબાપાનું ધ્યાન આ દુષ્કાળગ્રસ્ત વિસ્તારો તરફ

દોરયુ અને જણાવ્યું કે, "મિસ્ટર ઠક્કર, આ તમારો વિષય છે, તમારા જેવાએ એક વખત ત્યાં જઈ આવવાની જરૂર છે. ત્યાં તત્કાળ રાહતકાર્ય કરવા માટે સ્થાનિક સમિતિ નીમી છે અને સુખદેવ ત્રિવેદી કરીને એક ઉત્સાહી આ બધું કામ કરે છે, છતાં એમને તમારા જેવા પીઠ અને કુશળ સેવકના માર્ગદર્શનની જરૂર છે".સર પુરુષોત્તમદાસના સૂચનની એમના પર ઉંડી અસર પડી. મુંબઈ સમિતિનસ પ્રતિનિધિ તરીકે પંચમહાલના પૂર્વ પટ્ટી વિસ્તારના રાહતકામો ચાલુ હોવા છતાં પ્રજાને અન્ય મદદની જરૂર છે કે નહીં તેની માહિતી મેળવવા અને રાહતકાર્ય વધુ સારી રીતે આ વિસ્તારમાં ચાલે તે માટે ઠક્કરબાપાને પંચમહાલ મોકલવામાં આવ્યા. ઇ.સ. ૧૯૧૯ના માર્ચ માસમાં તેઓ દહોદ આવ્યા. સ્થાનિક રાહત સમિતિના કાર્યકરોને સાથે રાખીને એમણે આ વિસ્તારની માહિતી ચકાસણીનું આયોજન કર્યુ. આ સમયે વાહન વ્યવહારની સગવડ ઓછી હતી. પરિણામે ગામડાંઓમાં પગપાળા અથવા બળદગાડામાં પ્રવાસ કરવો પડે તેમ હતુ. એથી દુષ્કાળગ્રસ્ત ગામડાંઓમાં ફરવા માટે બળદગાડાની જોગવાઈ કરવામાં આવી હતી. આ બળદગાડુ ચલાવવાની કામગીરી સુખદેવભાઈએ ઉપાડી કારણ કે તેઓ દુષ્કાળગ્રસ્ત વિસ્તારથી સુપરિચિત હતા, જેથી ટૂંક સમયમાં અસરગ્રસ્ત વિસ્તારોનો વાસ્તવિક ચિતાર પ્રવાસ કરી મેળવી શકાય. આ પ્રવાસ દરમ્યાન તેમણે દુષ્કાળગ્રસ્ત વિસ્તારના માણસોને 'ઘરમાં કેટલા માણસો છે? આવક શી છે? ખર્ચ શુ છે? પહેલા કેમ ગુજારો કરતા હતા? અત્યારે કેમ ચાલે છે?' આવા ઝીણવટભર્યા પ્રશ્નો પૂછી જમને મદદ કરવા જેવી લાગે તેમને અનાજ, કપડાં ને કામળાની મદદ કરતા. આમ બંનેએ સાથે મળીને ૧૦દિવસમાં દાહોદ- ઝાલોદ વિસ્તારના અંતરિયાળ ગામોમાં ૨૫૦કિ.મી. થી પણ વધુ પ્રવાસ કરીને ૧૧જેટલા રાહતકેન્દ્રોની મુલાકાત લઈ માહિતી મેળવી અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરી હતી. આ પ્રવાસ દરમ્યાન ઠક્કરબાપા સુખદેવભાઈના વધુ પરિચયમાં આવ્યા. આ પ્રવાસ દરમ્યાન તેઓ સુખદેવભાઈની ભીલો માટેની સહાનુભૂતિ અને એમને મદદ કરવાની ધગશથી ખુબ પ્રભાવિત થયા હતા.

ઈ.સ. ૧૯૨૧- ૨૨માં ચોમાસુ નિષ્ફળ જવાને લીધે આ વિસ્તારમાં દુષ્કાળની સ્થિતિ ઉદ્ભવી હતી. આ દુષ્કાળની સ્થિતિમાં પણ અમલદારોએ મહરસૂલ એક જ હપ્તામાં વસૂલ

કરવાનું નક્કી કર્યું હતું. જેના પરિણામે આ વિસ્તરારના લોકો મુશ્કેલીમાં મુકાઇ ગયા. આ મહેસૂલ ખેડૂતો ભરી શકયા નહીં, આથી અમલદારોએ તેમના ઉપર ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું. જેમકેદિવસ- રાત ભૂખ્યા ચોકમા બેસાડી રાખવા, ગાળો આપવી અને માર મારવોજેવી સજા કરવામાં આવતી. તેમની આવી ત્રાસ દાયક સજાના પરિણામે આદિવાસી ખેડૂતો ખૂબ જ ભયભીત બન્યા હતા. એક આદિવાસી ખેડૂત અમલદારોના આવા ત્રાસથી બચવા માટે પોતાની પુત્રીને જેસાવાડા જઈને વહેંચી આવ્યો હતો. આવી ગંભીર પરિસ્થિતિમાં આ આદિવાસીઓને મદદરૂપ બનવા માટે ઈન્દુલાલ અને ઠક્કરબાપા સુખદેવભાઈ સાથે આવા વિસ્તારોમાં ફર્યા હતા અને જરૂરી મદદ તેમજ સેવા આપી હતી.

ઠક્કરબાપાને દુષ્કાળના સમયમાં ભીલ આદિવાસીઓને ટૂકડો રોટલો મેળવવા માટે, શરીરે ઢાંકવા કપડાં મેળવવા માટે અને બે આનાની મજૂરીનું કામ મેળવવા માટે ફરતા જોઈ દુ:ખ થતું હતું. ઇ.સ. ૧૯૨૦- ૨૧ના દુષ્કાળ સમયે સુખદેવભાઈ અને ઠક્કરબાપા કપડાંની સહાય આપવા માટે ઝાલોદ વિસ્તારના શંકરપુરા ગામમાં ગયા હતા. તઓને આવતા જોઈને એક ભીલ સ્ત્રી ઘરમાં જતી રહી હતી. તેને કપડાં મદદ મેળવવા બહાર બોલાવવામાં આવવા છતાં તે સ્ત્રી ઘરની બહાર આવતી નથી. બહાર ન આવવાનું કારણ આપતા તે સ્ત્રીએ જણાવ્યું કે, "તેણીએ પોતાના શરીર પર એક પણ વસ્ત્ર પહેર્યું નથી". આ સાંભળીને ઠક્કરબાપાને દુ:ખ થયું અને તેઓએ બહારથી જ કપડાંની મદદ આપી. આ કપડાં પહેરી તે સ્ત્રી ઘરની બહાર આવી તેઓને મળી. આદિવાસીઓની આવી દરિદ્રતાને જોઈને ઠક્કરબાપાએ આ વિસ્તારના આદિવાસીઓ માટે કાયમી સ્વરૂપનું કામ કરવાનો નિર્ણય કર્યો હતો. એના પરિણામે તેમણે દુષ્કાળ રાહત સમિતિના કાર્યાલયને ભીલ સેવા મંડળમાં તબદીલ કરી હતી. આ રીતે, ડિસેમ્બર ૧૯૨૨માં ભીલ સેવા મંડળની દાહોદમાં સ્થાપના કરી હતી. આ મંડળના પ્રમુખ તરીકે ઠક્કરબાપા અને મંત્રી તરીકે સુખદેવભાઈની વરણી કરી હતી. આ મંડળ દ્વારા આદિવાસી વિસ્તારના બાળકોને ભણાવવાની, દારૂનિષેધ, રેંટિયા કાંતવાની પ્રવૃતિ, અશ્પૃશ્યતા નિવારણ, પૌઢ શિક્ષણ, દુષ્કાળના સમયમાં રાહત કામગીરી વગેરે જેવી પ્રવૃતિઓ ચલાવવામાં આવે છે.

મંડળની સ્થાપના બાદ મંડળ સામે પ્રથમ પ્રશ્ન નાણાંભંડોળનો ઉદ્ભવ્યો હતો. આ પ્રશ્નના નિરાકરણ અર્થે ઠક્કરબાપાના કહેવાથી સુખદેવભાઈ અમદાવાદ ગયા હતા. અમદાવાદના જુદા- જુદા વિસ્તારોમાં ફરીને તેઓ મંડળ માટે દાન લેવા મિલમાલિકો અને શ્રીમંતોના ઘરે જતા હતા. આ સમય દરમ્યાન તેમને ઘણીવખત અપમાનજનક શબ્દો પણ સાંભળવા પડતા હતા. જેમ કે, એકવાર સુખદેવભાઈ રેવડી બજારમાં એક દુકાનદારને ભંડોળ મેળવવા માટે ગયા. થડા ઉપર બેઠેલા શેઠે એમને 'ફૂરસદ નથી કાલે આવજો' એવું કહ્યું. આથી સુખદેવભાઈએ ભીલ સેવા મંડળનો અહેવાલ મૂકીને શેઠને એ વાંચવાની ભલામણ કરી, જેથી શેઠને મંડળની પ્રવૃતિઓની જાણકારી મળે. સુખદેવભાઈના વાકયોથી શેઠે ગુસ્સે થઈ કહ્યું કે, "તમે જાઓ છો કે નોકરને કહીને ધક્કો મારીને બહાર કાઢવાનું કહું". આવા અપમાનજનક શબ્દો સાંભળવા છતાં પણ તેઓએ દાન ઉઘરાવવાનું છોડયું ન હતું અને દાન પ્રાપ્ત કરી આર્થિક રીતે મંડળને સધ્ધર બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું. તેઓ ભીલ સેવા મંડળના આજીવન સભ્ય બની રહ્યા હતા અને મંડળના માધ્યમથી ભીલોની સેવામાં પ્રવૃતિમય રહ્યા હતા.

દુષ્કાળ કપરા સમયમાં ઠક્કરબાપાએ દાન અને કપડાં મેળવવા માટે અપીલ બહાર પાડી હતી. બીજી બાજુ એમણે આ વિસ્તારના લોકોને સાથે રાખીને રેંટિયો સૂતર કાંતીને આવક ઉભી કરવા માટેના પ્રયત્નો શરૂ કર્યા હતા. ભીલોમાં આ રેંટિયા પ્રવૃતિ ખાસ પ્રચલિત થઈ હોવાથી રેંટિયા બારસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ શુભ દિવસે ગાંધીજી દાહોદમાં હાજર હોવા જોઈએ એવું સુખદેવભાઈને લાગતા દુષ્કાળના બહાને ગાંધીજીને દાહોદ બોલાવી લાવ્યા. આ પ્રસંગે સુખદેવભાઈએ પ્રતિજ્ઞા લીધી હતી કે, "જયાં સુધી માથે ટોપી પહેરીશ નહીં અને દાઢી વધારીશ". તેમની આ દેશભક્તિની પ્રતિજ્ઞા વિશે ગાંધીજીને જાણ થતા ગાંધીજીએ તેમને 'સુખદેવ મિયાં' તરીકે ઓળખાવ્યા હતા. ગામેગામ ફરીને સુખદેવભાઈ લોકોની જરૂરિયાત વિશેની માહિતી મેળવતા હતા. આવી મુસાફરીમાં સતત વ્યસત રહેવાના કારણે તેમણે રેંટિયો કાંતવાનું છોડી દીધું હતું. ૨જાન્યુઆરી ૧૯૨૫માં ગાંધીજી પંચમહાલ આવ્યા ત્યારે આ વાતની જાણ તેમણે ગાંધીજીને કરી ત્યારે ગાંધીજીએ કહ્યું કે, "એમણે કરેલી કામગીરીની વ્યસ્તતાને લીધે એ

કાંતવાનું છોડી દે એ તો અસહ્ય છે. આપણા કામ કરનારાઓ જ ન કાંતે તો ભારે દુર્દશા થાય ને! ભાઈ સુખદેવને કાંતવાનું નથી ગમતુ એમ નહીં પણ એમને કાંતતા આળસ થાય છે. હું કોઈ પણ ગુજરાતી પાસે આ શબ્દ સાંભળવા નથી માંગતો". આમ ગાંધીજીએ સુખદેવભાઈને આળસ છોડી રેંટિયો કાંતવાનું જણાવ્યું હતું. ઝાલોદ વિસ્તારમાં આ રેંટિયાપ્રવૃતિ બે વર્ષ ચાલી હતી.

ઇ.સ. ૧૯૩૦માં સુખદેવભાઈ ઠક્કરબાપાની રજા લઈ ગાંધીજી સાથે લડતમાં જોડાયા હતા. ધરાસણા સત્યાગ્રહમાં ત્રણ હજાર જેટલા સ્વયંસેવકો પોલીસની લાઠીઓથી ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ સ્વયંસેવકોમાં સુખદેવભાઈ પણ હતા. ઉપરાંત સવિનય કાનૂનભંગના માર્ગે જંગલ સત્યાગ્રહ કરવા માટે આદિવાસીઓને તેમણે પ્રરિત કર્યા હોવાથી તેમની ધરપકડ કરી એમને અમદાવાદ, નાસિક અને યરવડા જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા. યરવડાના જેલવાસ દરનમ્યાન ભોજન સારૂ ન મળતા તેઓએ ૨૭કેદીઓ સાથે મળીને વિરોધમાં ઉપવાસ કર્યા હતા. આમ જેલમાં તેઓ અગ્રેજોનો વિરોધ કરવાનું ચૂકયા ન હતા. ત્યારબાદ ગાંધી- અર્વિદન કરાર થતા છ મહિના બાદ રાજદ્વારી કેદીઓને છોડી મુકવામાં આવતા તેઓ પણ મુકત થયા. ઇ.સ. ૧૯૩૧માં ગાંધીજીએ ગોળમેજી પરિષદમાંથી પરત આવી રાષ્ટ્રીય ચળવળ શરૂ કરવાનું નવયુવાનોને જણાવ્યું હતું. આ ચળવળમાં પણ સુખદેવભાઈ જોડાયા હતા પરિણામે તેમની ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ તેમને દરરોજ હાજરી આપવાનું જણાવી છોડી મૂકવામાં આવ્યા હતા. પરંતુ તેઓએ સત્યાગ્રહ કરી કાયદાનો ભંગ કર્યો હોવાથી અઢી વર્ષ માટે સાબરમતી જેલમાં કેદ કરવામાં આવ્યા હતા. ઇ.સ. ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં પણ સુખદેવભાઈ જોડાયા હતા. તેમની પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવા આ સમયે બ્રિટીશ સરકારે તેમને નજર કેદ રાખ્યા હતા. હિંદ છોડો ચળવળમાં આપેલ યોગદાની કદર બદલ દાહોદ નગરપાલિકા દ્વારા સુખદેવભાઈના કુંટુંબીઓને તા.- ૦૨/ ૧૦/ ૧૯૯૨ના રોજ મરણોતર સન્માનપત્ર આપવામાં આવ્યું હતું.

સુખદેવભાઈએ ગુજરાત રાજય સિવાય અન્ય રાજયમાં પણસમાજસેવાની ફરજ અદા કરી હતી. ઇ.સ. ૧૯૩૪માં બિહારમાં ધરતીકંપ અને ત્યારબાદ રેલસંકટની પરિસ્થિતિ

ઉદ્ભવી હતી. ત્યાં તેમણે ઠક્કરબાપાને સમજાવી રેલસંકટગ્રસ્ત વિસ્તારના અનાથ બાળકો માટે ચાર અનાથાશ્રમો તેનજ ત્યકતાઓ અને કન્યા માટે એક આશ્રમની સ્થાપના કરાવી હતી. ઇ.સ. ૧૯૪૪માં ઓરિસ્સામાં અતિવૃષ્ટિ સમયે સુખદેવભાઈએ આઠ મહિના સુધી ત્યાં રહીને લોકોની સેવા કરી હતી. આ વિસ્તારના લોકો માંસાહારી હતા જયારે સુખદેવભાઈ શાકાહારી હોવાથી શાકાહારી ભોજન ન મળતા ઘણી વાર તેમને ભૂખ્યાં રહેવું પડતુ હતુ. આ વિસ્તારમાં આવેલ ચંડીખોલના પહાડમાં જયાં શબર ભીલોનું પ્રમાણ વધારે છે ત્યાં તેમણે આ જાતિના બાળકો માટે એક આશ્રમની સ્થાપના કરી હતી. આમ તેમણે ગુજરાત સિવાય અન્ય રાજયમાં સેવા આપી હતી.

સુખદેવભાઈ તાલુકા અને જિલ્લા ક્રોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખપદે ચૂંટાયા હતા. આમ તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. મુંબઈ ધારાસભામાં શ્રી લક્ષ્મીદાસ શ્રીકાન્તભાઈને ઠક્કરબાપાએ દિલ્હીમાં આદિવાસી અને પછાત જાતિના કમિશનર તરીકે મોકલ્યા હતા. એના પરિણામે મુંબઈ ધારાસભાની જગ્યા ખાલી થતા તે સ્થાન ઉપર સુખદેવભાઈની નિમણૂક કરવામાં આવી હતી. ઇ.સ. ૧૯૫૧ની પ્રથમ સામાન્ય ચૂંટણી થઈ ત્યાં સુધી તઓ ધારાસભ્ય તરીકે રહ્યા હતા.

ઇ.સ. ૧૯૫૨ની મુંબઈ ધારાસભાની ચૂંટણીમાં અંબાલાલ વ્યાસ દાહોદ- ઝાલોદ તાલુકાની અનામત બેઠક પર ચૂંટાઈ આવ્યા હતા. પરંતુ થોડા સમયમાં જ તેઓ બીમાર પડતાં સુખદેવભાઈ તેમને મળી ખબર- અંતર પૂછવા માટે ટીંટોડી આશ્રમમાં ગયા હતા અને પરત દાહોદ આવ્યા હતા. તેના બીજા દિવસે સુખદેવભાઈ પર લકવાનો હુમલો થયો હતો. સારવાર કરાવ્યા છતાં તેઓ સાજા થઈ શકયા નહીં. પરિણામે તેઓ પથારીવશ બન્યા હતા. પથારીવશ હોવા છતાં તેઓ ગરીબ આદિવાસીઓ અને જરૂરિયાતમંદ માણસોને ફોન દ્વારા અથવા રૂબરૂ ફરિયાદ સાંભળી યોગ્ય નિકાલ કરી આપતા હતા. લકવાગ્રસ્ત હોવા છતાં તેઓ રૂબરૂ મળવા જતાં હશે તેઓ પુરાવો ભીલ સેવા મંડળ દ્વારા સ્થાપ્તિ સુખદેવ આશ્રમશાળા કે જે હાલના દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના વાંગડ ગામમાંથી પ્રાપ્ત થાય છે. તેઓ ૧૭/ ૦૬/ ૧૯૬૧ના રોજ આ આશ્રમશાળામાં ગયા હતા અને તેમણે આશ્રમશાળાની મુલાકાતી ડાયરીમાં આશ્રમશાળા વિશે પોતાનો અભિપ્રાય આપ્યો હતો. જેના પરથી કહી શકાય કે

તેઓએ બીમાર અવસ્થામાં લોકો માટેનું સેવાકાર્ય છોડયુ ન હતુ. આવા ભીલોમાં "કાકા"ના હુલામણા નામે પ્રસિધ્ધ બનેલા સુખદેવભાઈએ તારીખ ૨૧/ ૧૧/ ૧૯૬૩ના રોજ દેહત્યાગ કર્યો હતો.

ઈન્દુલાલ યાજ્ઞિક તેમની આત્મકથામાં સુખદેવભાઈ વિશે લખે છે કે, "પંચમહાલમાં નીડર અને સેવાભાવી બે મુખ્ય સેવકો હતા. એક ગોધરામાં વામનરાવ મુકાદમ અને બીજા દાહોદમાં સુખદેવભાઈ ત્રિવેદી. દાહોદના રાહતકામમાં મારા સાથી મિત્ર માર્ગદર્શક તો સુખદેવભાઈ જ હતા. એ ભીલોની સમગ્ર સેવા પ્રવૃત્તિમાં એ મૂળ પુરુષ સાથે મારે બે વર્ષથી સગાભાઈ જેવો સંબંધ થયો હતો. અમારા ઘડતર અને ભણવામાં ભેદ હોવા છતાં ભીલો માટે અમારા દિલમાં એકસરખો રોષ ભભકતો હતો અને એ દુઃખી થતા લોકોની સેવા કરવાનો અવસર ચૂકતા નહીં. તેમનો સંદેશો મળતા હું પણ તેમની સાથે રાહતકાર્યોમાં જોડાતો અને તેમની સાથે ગામડે ગામડે ફરતો અને લોકોને મદદ કરતો. તે વખતે સુખદેવભાઈને વણીકરદાદા નેતા તરીકે પૂજતા અને અન્ય સર્વે તેમને નીડર અને ખડતક સમાજસેવક તરીકે ચાહતા'.

પૂ. ઠક્કરબાપાનો પણ સુખદેવભાઈ પ્રત્યે બહુ ઊંચો અભિપ્રાય હતો. એક જગ્યાએ તેઓ સુખદેવભાઈનો પરિચય આપતા જણાવે છે કે, 'સુખદેવભાઈ વિશ્વનાથ ત્રિવેદી જે સુખદેવકાકાના નામે ઓળખાય છે એ ભીલોની સેવા કરનાર પિતા અને હું માતા છીએ એમ ગણી શકાય'.

**સંદર્ભસૂચિ**

ગાંધી, મોહનદાસ કરમચંદ. ૧૯૬૯. ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ- ૧૪. અમદાવાદઃ નવજીવન પ્રકાશન મંદિર.

ગાંધી, રાજમોહન. ૧૯૯૪/ ૧૯૯૬. સરદારઃ એક સમર્પિત જીવન (ગુજરાતી અનુવાદ- નગીનદાસ સંઘવી). અમદાવાદઃ નવજીવન પ્રકાશન મંદિર.

દેસાઈ, ઈલાબેન. ૨૦૦૨. ધૂપ- સુંગધ. દાહોદઃ રૂનવાલ મુદ્રક.

દેસાઈ, મહાદેવ. ૧૯૬૫. ચંદુલાલ ભગુભાઈ દલાલ(સંપા૦).પુસ્તક ૭મું (૩૦-૧૨-૧૯૨૪થી ૩૦-૦૪-૧૯૨૫). અમદાવાદઃ સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ.

પરીખ, રમેશકાંત. ૧૯૮૭. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર ચીમનલાલ પરીખ(સંપા૦). રાજકીય જાગૃતિઃ બ્રિટીશ મુલકમાં. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ભાગ- ૯, 'આઝાદી પહેલા અને પછી'. પૃ૦ ૧૬- ૫૪. અમદાવાદઃ ભો. જે. અધ્યયન- સંશોધન વિદ્યાભવન.

ભીલ સેવા મંડળ- દાહોદ, ૧૯૮૦. સુવર્ણ જયંતિ મહોત્સવ. અમદાવાદઃ નવજીવન મુદ્રણાલય.

ભીલ સેવા મંડળ- દાહોદ, ૧૯૮૨. રામબાણ. દાહોદઃ મહાવીર પ્રિન્ટીંગ પ્રેસ.

ભીલ સેવા મંડળ- દાહોદ, ૨૦૦૪. અમૃત મહોત્સવ. દાહોદઃ નવજીવન મુદ્રણાલય.

હઠીલા ચુનીભાઈ. ૨૦૦૨. ગુજરાતની નવી તાલીમ સંસ્થાઓની પરિચયમાળા, પુષ્પ- ૯. ભીલ સેવા મંડળ- દાહોદ(હિન્દી અનુવાદ- અશોક વર્મા). અમદાવાદઃ ગુજરાત વિદ્યાપીઠ.

યાજ્ઞિક, ઈન્દુલાલ. ૧૯૫૫/ ૧૯૭૦. આત્મકથા ભાગ-૨. અમદાવાદઃ વસંત પ્રિન્ટીંગ પ્રેસ.

યાજ્ઞિક, ઈન્દુલાલ. ૧૯૫૫/ ૨૦૧૧. આત્મકથા ભાગ- ૧, ૨. વડોદરાઃ અરૂણાબેન મહેતા મેમોરિયલ ટ્રસ્ટ.

યાજ્ઞિક, ઈન્દુલાલ. ૧૯૫૬. આત્મકથા ભાગ- ૩. અમદાવાદઃ વસંત પ્રિન્ટીંગ પ્રેસ.

યાજ્ઞિક, ઈન્દુલાલ. ૧૯૭૩/ ૨૦૧૧. આત્મકથા ભાગ- ૬. વડોદરાઃ અરૂણાબેન મહેતા મેમોરિયલ ટ્રસ્ટ.

વાઘેલા, અરૂણ. ૨૦૦૫. પહેલી ગુજરાતની રાજકીય પરિષદ ૧૯૧૭. સ્વાધ્યાય-૩૯, અંકઃ ૧- ૨. પૃ૦ ૪૧-૫૨.

શાહ, કાંન્તિલાલ. ૧૯૫૫. ઠક્કરબાપા. અમદાવાદઃ નવજીવન મુદ્રણાલય.

ત્રિવેદી, અરવિંદ. ૨૨/ ૦૬/ ૨૦૧૫. રૂબરૂ મુલાકાત. (શ્રી સુખદેવભાઈ વિશ્વનાથ ત્રિવેદીના પુત્ર).

http.www.indiawaterportal.org

https.en.wikipedia.org/wiki/List_of_governors_of_Bombay